હે જગદંબા તમે શ્રી, કીર્તિ, ધૃતિ, ક્રાંતિ, મતિ, રતિ અને શ્રધ્ધા સ્વરૂપા છો

મધુ કૈટભને હણવા માટે બ્રહ્માજીએ વિષ્ણુને જગાડવા માટે યોગનિદ્રા મહામાયાની સ્તુતિ કરી

શ્રીહરિ કહે છે હે દૈત્યો તમો મારા હાથે મૃત્યુ સ્વીકારો. આ સાંભળી બન્ને અસુરો પોતે છેતરાઈ ગયા

। ભાવનગર ।

દેવી ભાગવતમાં દુર્ગા સપ્તશતીના પ્રથમ અધ્યાયમાં બ્રહ્માજીએ મધુ કૈટભનાં ડરના કારણે નિદ્રાધીન શ્રીહરિ વિષ્ણુને જગાડવા માટે યોગનિદ્રા મહામાયાની સ્તુતિ કરી હતી.

મહાવિદ્યા મહામાયા મહામેધા મહાસ્મૃતિ:

મહામોહા ચ ભવતી મહાદેવી મહાસુમી

ઋષિઓ સુતજીને પ્રશ્ન કરે છે પૃથ્વીના પ્રલય સમય ચારેતરફ જળબંબાકાર હતું એ સમયે શ્રીહરિ એ મધુ કૈટભ સાથે પાંચ હજાર વર્ષો સુધી યુધ્ધ કર્યું હતું. જળબંબાકારની સ્થિતિમાં મધુ કૈટભ નામના રાક્ષસો કેવી રીતે ઉત્પન્ન થયા તે કથા વિસ્તારથી કહો દેવી ભાગવતના પ્રથમ સ્કંધમાં મધુ કૈટભ રાક્ષસોનું શ્રીહરિ સાથે યુધ્ધનું વર્ણન છે. સુતજી કહે છે કલ્પના અંતે પ્રલય સમયે સમગ્ર સૃષ્ટિ જળમાન હતી. તે સમયે શ્રીહરિ વિષ્ણુ શેષનાગની શય્યા પર પોઢેલા હતા. આ સમયે વિષ્ણુના કાનનાં મેલમાંથી બે અસુરો મધુ અને કૈટભ ઉત્પન્ન થયા હતા. સૃષ્ટિના પ્રલય પછી બ્રહ્મા નવી સૃષ્ટિનાં નિર્માણ માટે ધ્યાન મગ્ન હતા ને સમયે બ્રહ્માજીનો વધ કરવા આ બન્ને અસુરો મધુ અને કૈટભ બ્રહ્મલોક પહોંચ્યા હતા. શ્રીહરિના નાભિકમલમાં બિરાજમાન બ્રહ્માજીને આ બે અસુરોને પોતાની નિકટ આવતા અને વિષ્ણુને નિદ્રાધીન જોતા તેઓએ વિષ્ણુને જગાડવા માટે તમોગુણી અધિષ્ઠાત્રી મહામાયા યોગનિદ્રા દેવીની સ્તુતિ કરી હતી.



યા દેવી સર્વભૂતેષુ નિદ્રારુપેણ સંસ્થિતા

બ્રહ્માજી કહે છે આપ જ સૃષ્ટિની રચના, પાલન અને સંહાર કરનારી છો દેવી તમે મને વિષ્ણુ ભગવાન અને મહાદેવને શરીર ધારણ કરાવેલ છે. બ્રહ્માજી કહે છે હે દેવી તું આ જગતની કારણ સ્વરૂપા છો. વેદો શાસ્ત્રો દ્વારા એ પ્રતિપાદિત થઈ ગયેલ છે. હે મા તું જીવમાત્રમાં વસેલી છે. સગુણરૂપ ધારણ કરી તું જ અપરંપાર લીલા આરંભે છે તારી માયાનો મહિમા કોઈ જાણી શકતું નથી. હે જગદંબા તમે શ્રી, કીર્તિ, ધૃતિ, ક્રાંતિ, મતિ, રતિ અને શ્રધ્ધા સ્વરૂપા છો તું સ્વાહ અને સ્વધા પણ છો. દેવતાઓને સ્વાહ દ્વારા યજ્ઞકળ આપનારી તું જ છો હે અંબિકા તે અનેક વખત મારી રક્ષા કરી છે. હે મહામાયા ભગવાન વિષ્ણુને જલ્દી જગાડ અને તેના મનમાં મધુ અને કૈટભનો નાશ કરવાની બુધ્ધિ ઉત્પન્ન કરી દે. બ્રહ્માની સ્તુતિથી યોગમાયા નિંદ્રાદેવી વિષ્ણુ શરીરમાંથી બહાર આવતાની સાથે શ્રીહરિ વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગ્યા હતા. શ્રીહરિની સામે બ્રહ્માજીને ઉભેલા જોઈ હે પદ્મયોનિ બ્રહ્માજી આપ જપ-તપ છોડી અહીં શા માટે આવ્યો છો ? શાં ના કારણે ભયભીત દેખાય છો. બ્રહ્માજી કહે હે પ્રભો તમારા કાનનાં મેલમાંથી મધુ અને કૈટભ અસુર ઉત્પન્ન થયા મને મારવા આવ્યા એટલે હું બ્રહ્મલોક છોડી તમારા શરણે આવ્યો છું. આ સમયે મધુ અને કૈટભ અસુરો બ્રહ્માજીને શોધતા અહીં વિષ્ણુલોક આવ્યા અને બ્રહ્માજીને યુધ્ધ લડવા ચેલેન્જ કરવા લાગ્યા હતા. આ સાંભળી વિષ્ણુ કહે હે દાનવો તમારી ઈચ્છા મુજબ યુધ્ધ લડવા હું તૈયાર છું.

આમ શ્રીહરિ અને મધુ કૈટભ વચ્ચે બાહુયુધ્ધ-મલ્લયુધ્ધ શરૂ થયું હતું. આ બાહુયુધ્ધમાં પાંચ હજાર વરસો વીતી ગયા હતા. ભગવતીની માયાને લીધે અસુરો ઉન્મત બનીને યુધ્ધ લડે છે. હારતાં નથી થાકતા નથી. પણ વિષ્ણુ થાકી જાય છે. મહામાયાના પ્રતાપ ચમત્કારને લીધે. મધુ કૈટભ થાકતા નથી હારતા નથી. આ બન્ને દાનવો ભગવતીનું વરદાન મેળવી ધમંડી બની ગયા આથી શ્રીહરિએ જગદંબાની પ્રાર્થના કરી હતી. એ જ સમયે વિષ્ણુ ભગવાનની સામે યોગનિદ્રા સ્વરૂપ ભુવનેશ્વરી દેવી પ્રગટ થયા હતા. શ્રીહરિએ ભગવતીને પ્રણામ કર્યા-ભગવતી કહે વિષ્ણુ તમારી વીરતાથી સંતુષ્ટ છો વરદાન માંગો. વિષ્ણુ કહે આ બન્ને અસુરો મારા હાથે મર્યા જાય.

ભગવતી મહામાયાએ માયાજાળ રચી. ભગવતી સુંદર, સ્ત્રીરત્નરૂપે આવ્યા અને તેના રૂપમાં બન્ને અસુરો આકર્ષિત અને કામાસક્ત થયા હતા. ધર્મમાં બન્ને અસુરો શ્રીહરિને કહે છે તું અમને શું આપી શકવાનો છો તારે જે કાંઈ માંગવું હોય તે માંગ. આ સાંભળી શ્રીહરિ કહે છે હે દૈત્યો તમો મારા હાથે મૃત્યુ સ્વીકારો. આ સાંભળી બન્ને અસુરો પોતે છેતરાઈ ગયા એમ કહી વિષ્ણુને કહે સમગ્ર સૃષ્ટિ જળમગ્ન છે. તમો અમારો વધ એવી જગ્યાએ કરો જ્યાં જળ ન હોય. તપાસ્યુ કહી શ્રીહરિએ મધુ અનેન કૈટભના મસ્તક પોતાની જાંઘ પર રાખી સુદર્શન ચક્ર વડે તેનો વધ કર્યો હતો. ત્રણેય લોકમાં ભગવતી શક્તિથી વધી બીજા કોઈ દેવતા નથી. એ નિર્વિવાદ સત્ય છે.

સિહોરમાં અસામાજીકતત્વોએ ગેરકાયદેસર કરાયેલા કબજા પર તંત્રની લાલ આંખ

પોલીસ, નગરપાલિકા અને PGVCLની સંયુક્ત કામગીરી સાથે ડીમોલેશન કરાયું


(તસવીર : અશ્વિન ઉલવા)

। સિહોર (સંદેશ ન્યૂઝ) ।

સિહોર શહેરમાં સિહોર પોલીસ, નગરપાલિકા તથા પીજીવીસીએલ નું સંયુક્ત ઓપરેશન ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું સિહોરમાં અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોની વારંવાર આવતી ફરિયાદો અંગે પોલીસ અધિકારી દ્વારા સિહોર નગરપાલિકા તથા વીજતંત્રને જાણ કરી આવા અસામાજિક પ્રવૃત્તિઓ કરનાર આસામીઓ ના ગેરકાયદેસર સરકારી મિલકતમાં કરાયેલ કબજા પર કરવામાં આવેલા બાંધકામ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું આ ડીમોલેશન પ્રક્રિયા દરમિયાન લોકોના ટોળા ઉમટી પડ્યા હતા સાથે સાથે સુરક્ષા દરવાજા પાસે આવેલ ગૌતમેશ્વર જવાના રસ્તા પર પણ અસામાજિક તત્વો વારંવાર ઓટલા પર બેઠા હોવાની પણ ફરિયાદ મળતા ત્યાં ઓટલા પણ તોડી પાડવામાં આવ્યા હતા. આ ડીમોલેશન દરમિયાન પીઆઈ જે.આર દેસાઈ,પી.એસ આઈ આઈ.કે.ડોડીયા,નગરપાલિકા સીટી એન્જિનિયર બલભદ્રસિંહ, પાર્થભાઈ રાજ્યગુરુ તથા પીજીવીસીએલ સ્ટાફ,પોલીસ સ્ટાફ જોડાયો હતો.

ઓનલાઈનના ત્રાસથી આચાર્યે મોત મીઠું કર્યું છતા શિક્ષણ વિભાગ સંવેદનશીલ નથી

ઓનલાઈન માહિતીનું એકીકૃત ડિઝિટલ માળખું તૈયાર કરવામા પણ શિક્ષણ વિભાગ બેદરકાર !

અલગ સહાયક માનવબળ પૂરું પાડવામા નિષ્ફળતા, વ્યવહારૂ નીતિનો ઉલાળીયો

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ઓનલાઈન માહિતીના ત્રાસથી વલસાડના આચાર્યે મોત મીઠું કર્યું છતા પણ શિક્ષણ વિભાગ સંવેદનશીલ ન હોઈ ઓનલાઈન માહિતીનું એકીકૃત ડિઝિટલ માળખું તૈયાર કરવામા શિક્ષણ વિભાગની બેદરકારીને લીધે ભાવનગરની પ્રાથમિક શાળાના શિક્ષકો ત્રસ્ત થઈ ગયા છે.

આ અંગે શિક્ષણ વિભાગના સુમાહિતગાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક શાળા દ્વારા એક વખત આપવામાં આવેલી માહિતીનું એકીકૃત ડિજિટલ માળખું તૈયાર કરીને સંબંધિત વિભાગો વચ્ચે ડેટા શેરિંગની વ્યવસ્થા કરવામાં આવે તો અવારનવાર ડેટા એન્ટ્રી અને રિપોર્ટિંગનો બોજ ઘટાડી શકાય તેમ છે. જિલ્લા, તાલુકા, બી.આર.સી., સી.આર.સી. સહિતની વિવિધ વહીવટી કક્ષાઓ વચ્ચે સંકલનના અભાવે એક જ માહિતી અનેક વખત માંગવામાં આવતી હોઈ તો તેનો ઉકેલ શિક્ષક પાસે ફરીથી ફોર્મ ભરાવવાનો નહીં, પરંતુ વિભાગીય સંકલન સુધારવાનો હોવો જરૂરી છે. નો ડુપ્લિકેટ રિપોર્ટિંગ માત્ર સૂત્ર બની રહેવાને બદલે વ્યવહારૂ નીતિ તરીકે અમલ કરવી જરૂરી છે. શિક્ષકોની અછત પરાવતી શાળાઓમાં ઓનલાઈનનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. જ્યાં ઉપલબ્ધ શિક્ષકોની સંખ્યા જ ઓછી હોય ત્યાં શિક્ષણની જવાબદારીનો સાથે વધારાની વહીવટી કામગીરીનો બોજ મૂકવાથી વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા પર અસર થઈ રહી છે. આ શાળાઓમાં જરૂરી શિક્ષક મહેકમ ઉપલબ્ધ કરાવવા, ડેટા એન્ટ્રી અને દસ્તાવેજીકરણ માટે શક્ય હોય ત્યાં અલગ સહાયક માનવબળ પૂરું પાડવું તથા બિનશૈક્ષણિક કામગીરીનું યોગ્ય વિતરણ કરવું જરૂરી છે. શિક્ષકની અછતનો ઉકેલ હાજર શિક્ષકોને વધુ કામ સોંપવામાં નથી, પરંતુ જરૂરિયાત મુજબનું માનવબળ ઉપલબ્ધ કરાવવામાં છે. શાળામાં શિક્ષક બાળકોને ભણાવે, તેમની શૈક્ષણિક મુશ્કેલીઓ સમજે અને વ્યક્તિગત માર્ગદર્શન આપે, તે માટે પૂરતો સમય અને સહાયક વ્યવસ્થા હોવી જરૂરી હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

તંત્રની સફળતા માત્ર કેટલા પોર્ટલ કાર્યરત છે કે કેટલા અહેવાલો સમયસર અપલોડ થયા તેના આધારે નહીં, પરંતુ વર્ગખંડમાં બાળકને કેટલું સારું શિક્ષણ મળે છે તેના આધારે પણ માપવી જરૂરી હોવાનો સુર બળવત્તર બની રહ્યો છે.

શિક્ષણ વ્યવસ્થામાં માનવીય સંવેદનશીલતાની ઐસીતૈસી

નાની ભૂલ મોટું રિપોર્ટિંગ કે ડેટામા ખામી જણાય ત્યારે દરેક કિસ્સામાં તાત્કાલિક દંડાત્મક અભિગમ અપનાવવાને બદલે પ્રથમ માર્ગદર્શન, સહાય અને સુધારાની તક આપવી જરૂરી છે. સપોર્ટ ફર્સ્ટ, પનિશમેન્ટ લેટરનો અભિગમ શિક્ષણ વ્યવસ્થામાં માનવીય સંવેદનશીલતા વધારવામાં મદદરૂપ બની શકે છે. જવાબદારી અને શિસ્ત જરૂરી છે, પરંતુ જવાબદારી નિભાવતા કર્મચારીની પરિસ્થિતિ સમજવી પણ એટલી જ જરૂરી છે.તેમ ભાવનગરના શિક્ષણવિદે જણાવ્યુ હતું.

સચિવાલય ફેરવેશને ૧૭ મુદ્દાથી સરકારને કહ્યું- ૨૦૧૨નો ચુકાદો સ્વીકારો

એન્ટી યુથ પોલિસી- ફિક્સ વેતનને પૂર્ણતઃ દૂર કરવા ઉચ્ચસ્તરીય બેઠક યોજવા માંગ

બઢતી, ઉ.પ.ધો. રજા, સામાજિક સુરક્ષા અને નિવૃત્તિના લાભો સુધી નકારાત્મક અસર

। ગાંધીનગર ।

રાજ્યમાં ફિક્સ-પે પોલિસીને ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ત્યારે સરકારી નોકરીમાં જોડાનારાઓ માટે આ નીતિ એન્ટી યુથ હોવાનો સુર ઊઠ્યો છે. ગુજરાત સરકાર હાઈકોર્ટના જાન્યુઆરી-૨૦૧૨ના ચુકાદાનો સ્વીકાર કરીને તેનો તાત્કાલિક અમલ કરે એવી માંગણી સાથે ગુજરાત સચિવાલય કેરવેશને મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી સમક્ષ ઉચ્ચસ્તરીય બેઠક યોજવા રજૂઆત કરી છે.

ફેરવેશને ૧૭ અલગ-અલગ મુદ્દાઓ રજૂ કરીને ફિક્સ વેતનની સામાજિક અને સરકારી તંત્ર પર પડતી નકારાત્મક અસરોનું વર્ણન કર્યું છે. જેમાં જણાવાયું છે કે, આ નીતિથી લાંબા ગાળે વ્યક્તિગત, સામાજિક, સેવાકીય તથા આર્થિક નુકસાન થઈ રહ્યું છે. વર્ષોની તનતોડ મહેનત બાદ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને યુવાનો સરકારી નોકરી મેળવે છે. કારકિર્દીના અત્યંત મહત્ત્વપૂર્ણ તબક્કે પરિવારની જવાબદારી અને તેમાંય ઘણી વખત વતનથી દૂર રહીને સરકારી સેવા શરૂ કરવી પડતી હોય છે. શરૂઆતના જ પાંચ વર્ષ ફિક્સ વેતનના હોવાથી આવક મર્યાદિત રહે છે અને મોંઘવારી સામે જીવનનિર્વાહનો બોજ વધે છે. આ નીતિને કારણે પહેલેથી જ કુટુંબ પેન્શનનો લાભ મળતો નથી. જેથી ઘર, લગ્ન અને સંતાનોના શિક્ષણ સહિતના આર્થિક આયોજન ખોરવાઈ જાય છે. પાંચ વર્ષના ફિક્સ વેતનકાળ અને તેની સામે લેવાતા વાર્ષિક કામ વચ્ચે મોટો વિરોધાભાસ છે. હકીકતમાં પ્રથમ ડિવસથી જ પૂર્ણકાલીન કર્મચારી જેટલું જ કામ તેમની પાસેથી લેવામાં આવે છે.

સરકાર સમક્ષ થયેલી રજૂઆતમાં કેરવેશને જણાવ્યું છે કે, ફિક્સ વેતન નીતિના કારણે પાંચ વર્ષની સેવાના ઈજાફા અટકી જતાં કારકિર્દી પર લાંબાગાળાની ગંભીર અસર થાય છે. આ પાંચ વર્ષની સેવા ગણતરીમાં ન લેવાતાં ભાવી પગાર, ઈજાફો, બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ (ઉ.પ.ધો.), રજાના હક્કો અને સામાજિક સુરક્ષા તેમજ નિવૃત્તિ સહિતના તમામ લાભો પર નકારાત્મક અસર પડે છે. આ સંજોગોમાં સરકારે એ દાયકા જૂની આ શોષણકારી નીતિ બંધ કરીને યુવા કર્મચારીઓને ન્યાય આપવો જોઈએ તેવી માંગણી કેરવેશને દોહરાવી છે.

વાહનચોર ગેંગના ત્રણ શખ્સ ઝડપાયા, ૧૧ બાઈકો કબ્જે કરાઈ

અમદાવાદ । શહેરમાંથી આંતરજિલ્લા વાહનચોરીના ગુનામાં સંડોવણીના આધારે ઝોન ૭ એલસીબીની ટીમે ત્રણ આરોપીને ૧૧ મોટરસાઈકલ સાથે ઝડપી લીધા છે. પોલીસે ૬.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ૧૦ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. જ્યારે અન્ય સાગરીતો અંગે પણ તપાસ હાથધરી છે. પોલીસે સઘનેજ વિસ્તારમાંથી વહેવારુના બાપીને પરમાર, અમદાવાદમાં રહેતો અરફાન મલેક અને જ્યેવાડી વિસ્તારમાં રહેતો સાહિલ મજિયારને પકડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, બાપીને પરમાર સામે અગાઉ વાહનચોરીના ૨૩ ગુના નોંધાયા છે અને તેની સામે પાસા હેઠળ પણ કાર્યવાહી થઈ હતી.

પીપળજ નજીક ગટરમાં ગરકાવ ટીકરીના બે દિવસ પછી પણ કોઈ સગડ મળ્યા નહીં

। અમદાવાદ ।

શનિવારે બપોરે ત્રણ વાગ્યે પીપળજ નજીક ઢાંકણા વગરની ખુલ્લી ગટરમાં ગરકાવ થયેલી ૮ વર્ષની પ્રજ્ઞાચક્ષુ ટીકરીની શોધખોળ સોમવારે સતત ત્રીજા દિવસે પણ ફ્લાય વિભાગ દ્વારા ચાલુ રાખવામાં આવી હતી. કોર્પોરેશનના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગના અધિકારીઓએ પીપળજ પ્લાન્ટને ઘટના બન્યાના ત્રણ કલાક પછી બંધ કરાવ્યો હતો, તે બાબત જ્યારે પણ આ ઘટનાની તપાસ થશે ત્યારે મુખ્ય કારણ બનીને સામે આવશે તેમ કોર્પોરેશનના સત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. શહેરના મારોલ-વિશાલા હાઈવે ઉપર પીપળજ નજીક શનિવારે બપોરે ત્રણ વાગ્યે ઢાંકણા વગરની ગટરમાં ૨૦ ફૂટ ઊંડા પ્રદૂષણકારી ગટર અને કેમિકલના ગંદા પાણીમાં ગરકાવ થયેલી બાળકીને શોધવા માટે ફ્લાય બ્રિગેડની ટીમ દ્વારા નદીમાં આવેલા આઉટલેટ સહિત અલગ અલગ જગ્યાઓ ઉપર સઘન તપાસ કરવામાં આવી હતી.

તમામ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં 'પેશન્ટ સેફ્ટી કમિટી'ની રચના કરવા NMCનો આદેશ

। અમદાવાદ ।

દેશભરની તમામ સરકારી તથા ખાનગી મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં દર્દીઓની સુરક્ષા, સારવારના ઊંચા પ્રોટોકોલ અને સેવાઓની ગુણવત્તા સુધારવા માટે નેશનલ મેડિકલ કમિશન દ્વારા એક અગત્યની જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ડાયરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસીસની સૂચનાઓને આધારે એનએમસીએ દેશની તમામ મેડિકલ સંસ્થાઓને તાત્કાલિક ધોરણે 'પેશન્ટ સેફ્ટી કમિટી'ની રચના કરવા તથા એક સિનિયર 'પેશન્ટ સેફ્ટી નોડલ ઑફિસર'ની નિમણૂક કરવા આદેશ આપ્યો છે. એનએમસી દ્વારા તમામ મેડિકલ કૉલેજોના ડીન, પ્રિન્સિપાલ, ડિરેક્ટર અને વડાઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાની હોસ્પિટલમાં ઉચ્ચ અધિકાર પરાવતા એક સિનિયર તબીબ કે અધિકારીને 'પેશન્ટ સેફ્ટી નોડલ ઑફિસર' તરીકે નિયુક્ત કરે. આ ઉપરાંત, હોસ્પિટલમાં તમામ મહત્ત્વના વિભાગોને આવરી લેતી એક બહુવિધ સમિતિ 'પેશન્ટ સેફ્ટી કમિટી' બનાવવાની રહેશે. આ સમિતિમાં દર્દી સુરક્ષા સંબંધિત ૧૧ મુખ્ય વિષયો જેવા કે - દવાની સુરક્ષા, સર્જરી દરમિયાન સુરક્ષા, બ્લડ ટ્રાન્સફ્યુઝન, મેડિકલ ઉપકરણોની સુરક્ષા, લેબોરેટરી અને નિદાન સુરક્ષા, હોસ્પિટલ ચેપ નિવારણ, રસી અને ઈન્જેક્શન સુરક્ષા તથા હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેફ્ટી વગેરે ક્ષેત્રોના તજજ્ઞ પ્રતિનિધિઓનો સમાવેશ કરવો

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A Government of Gujarat Organization)

ONLINE TENDER FOR HIRING OF VEHICLES

INDEXTb invites online tender from reputed and experienced agencies for providing vehicles on hiring basis during Vibrant Gujarat Global Summit 2027 and other events up to 31st December, 2027.

Interested agencies may download the tender document from our website www.indextb.com and https://tender.nprocure.com from 12th October, 2026 to 30th October, 2026. Bidders are advised to keep visiting the website for subsequent updates.

Managing Director
Industrial Extension Bureau
18/2, Udyog Bhavan, Gandhinagar 382 010
Phone: 079-23250492/93

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION)

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
પ્લોટ નં. ૧૦૧-૨-સી, જીઆઇડીસી-૨ ઔદ્યોગિક વસાહત,
જુનાગઢ-રાજકોટ હાઇવે, જુનાગઢ-૩૬૨૦૦૩

"જાહેર નોટીસ"

પોરબંદર ઔદ્યોગિક વસાહતના સર્વેસર્વીગ પ્લોટ નં. એચ-૩૮૩ના ફાળવણીદાર સ્વ.શ્રી દિનેશ વી. કામાણી(પ્રોપરાઇટર) નું અવસાન થયેલ છે. સદરહું મિલ્કત શ્રી શૈલેષ દિનેશચંદ્ર કામાણીના નામે તબદીલ કરવા નિગમમાં અરજી કરેલ છે. સ્વ.દિનેશ વી. કામાણીના અન્ય વારસદારોનો કોઇ હક્ક હિસ્સો હોય કે તબદિલી સામે વાંધો હોય તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં રજી.એ.ડી.થી જરૂરી આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને જાણ કરવી. અન્યથા ક્લિયરમા નીતિ પ્રમાણે પ્લોટ તબદિલની કાર્યવાહી થશે.

Sd/-
પ્રાદેશિક મેનેજર,
જી.આઈ.ડી.સી., જુનાગઢ.

માહિતી/જુના/જા.ખ./૬૬૫/૨૦૨૬

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર
Email: ag-auction-cg-cgm@gujarat.gov.in

સંદર્ભ નં: Geo/Minor/Block/OSD/GND/001/2025- ૨૬/૦૧ તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬

જાહેર નિવિદા

"સાદી રેતી ખનિજની જેની ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્ણ થયેલ છે, તે ક્વોરી લીઝની મંજુર કરવાના હેતુથી માટે બીડ આમંત્રણ"

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તે અંતર્ગત પ્રસિદ્ધ થયેલ નિયમ ૧૨ (૪) અને નિયમ (૪ક્ષ) ના ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારે ઈ-ઓક્શન માટે ૦૩ (ત્રણ) સાદી રેતી ખનિજની બ્લોક તૈયાર કરેલ છે અને જેની ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્ણ થયેલ છે. તે ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુ માટે બીડ આમંત્રિત કરે છે.

ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે પાત્રતા, તારીખ, સમય અને શરતો ટેન્ડર દસ્તાવેજમાં પુરા પાડવામાં આવશે. ખનિજ બ્લોકની ઈ-ઓક્શન પ્રક્રિયા માટે સમરકોમ, જાહેરનામું, અદ્યતન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક સ્વરૂપે જ ઉપલબ્ધ રહેશે અને (n) Code Solutions-A division of GNFC Limited (https://cgm-eauction.nprocure.com) ની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

રસ ધરાવતા બિડર્સ જેની ક્વોરી લીઝની મુદત ૩૦/૦૯/૨૦૨૬ ના પૂર્ણ થયેલ છે, તે ક્વોરી લીઝની ઈ-ઓક્શન પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉપરના ઈ-ઓક્શન પોર્ટલ પર જરૂરી લોગીન આઈ.ડી. અને પાસવર્ડ મેળવવા માટે પોતાની નોંધણી કરાવવી રહે છે.

ઈ-ઓક્શન પોર્ટલ પ્રોવાઈડરની વેબસાઇટ પર તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ થી ટેન્ડર દસ્તાવેજના વેચાણ શરૂ થશે. જે સાદી રેતી ખનિજના બ્લોક માટે ટેન્ડર ફી ની ચુકવણી કર્યા બાદ મેળવી શકાય છે. મોડેલ ટેન્ડર દસ્તાવેજ અને ખનિજ બ્લોકની ફ્રી વિગતો ઈ-ઓક્શન પોર્ટલ ઉપરથી વિનામૂલ્યે મેળવી શકાય છે.

અનુ નં.	ખનિજ બ્લોકનું નામ	સ્થળ (ગામ, તાલુકો, જીલ્લો)	વિસ્તાર (હેક્ટરમાં)	જમીનનો પ્રકાર (સરકારી/ ખાનગી)	ખનિજનો અંદાજીત જથ્થો (મેટ્રિક.ટન)	ટેન્ડર ફી (₹)
૧	પેઢાપુર સાદી રેતી બ્લોક એલ- ૧૦	પેઢાપુર, ગણોળનગર, ગણોળનગર	૬.૪૦.૦૬	સરકારી	૮૬૭૪૪	૧૦૦૦૦
૨	પેઢાપુર સાદી રેતી બ્લોક એલ- ૫	પેઢાપુર, ગણોળનગર, ગણોળનગર	૧.૬૩.૩૬	સરકારી	૨૧૮૦૬	૫૦૦૦
૩	પેઢાપુર સાદી રેતી બ્લોક એલ- ૨	પેઢાપુર, ગણોળનગર, ગણોળનગર	૨.૪૧.૫૦	સરકારી	૩૨૩૬૧૦	૫૦૦૦

માહિતી/૫૫૮૮/૨૦૨૬-૨૭ - જિલ્લા કલેક્ટર, ગાંધીનગર

લક્ષ્યાંકોમાં વૃદ્ધિ ખાણકામમાં સમૃદ્ધિ
૨૭૫૧ બ્લોકસની સફળ ઈ-હરાજી

ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
'એ' વિંગ, બરકમ ભવન, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦

ઈ-ટેન્ડર નિવીદા

ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ (નિગમ) દ્વારા નિગમની ડાઈ કેકેરી માટે ઓફીસ ખુરશીની ખરીદી માટેના ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર સંબંધિત દસ્તાવેજો નિગમની વેબસાઇટ https://gaic.gujarat.gov.in અથવા https://gem.gov.in પર ઓ.ન. GEM/2026/B/8126519 તા.૧૩-૧૦-૨૦૨૬ ના રોજ ૧૪.૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. અન્ય કોઇ પણ પ્રકા માટે ડીવીઝનલ મેનેજર (પી.એન્ડએ.), ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., એ-વિંગ, બરકમ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ અથવા dm-admgaic@gujarat.gov.in પર સંપર્ક કરી શકાશે.

મેનેજીંગ ડીરેક્ટર,
ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગાંધીનગર

માહિતી/૫૫૬૬/૨૦૨૬-૨૭

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર
નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)પરીક્ષા ૨૦૨૬-૨૭

શિક્ષા મંત્રાલય, ભારત સરકાર તરફથી અમલમાં મુકવામાં આવેલ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ અંતર્ગત યાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નીચેની વિગતે યોજવામા આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા. ૨૪/૧૦/૨૦૨૬ દરમિયાન ઓનલાઇન મંગાવવા રહેશે.

➢ પરીક્ષા કાર્યક્રમ

ક્રમ	વિગત	તારીખ
૧	જાહેરનામું વહાર પાડવાની તારીખ	૧૨/૧૦/૨૦૨૬
૨	www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન મંગાવવાનો સમયગાળો	૧૫/૧૧/૨૦૨૫ થી ૨૪/૧૦/૨૦૨૫
૩	પરીક્ષા માટેની ફી ઓનલાઇન મંગાવવાનો સમયગાળો	૧૫/૧૦/૨૦૨૫ થી ૨૬/૧૦/૨૦૨૫
૪	સંભવિત પરીક્ષા તારીખ અને મહિનો	૧૨/૧૦/૨૦૨૬

➢ વિદ્યાર્થીની શૈક્ષણિક લાયકાત :
- જે વિદ્યાર્થી યાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગર પાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય માત્ર તેવા વિદ્યાર્થીઓ NMMSની પરીક્ષા આપી શકશે.

➢ આવક મર્યાદાની વિગત:
- તમામ કેટેગરીમાં વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક રૂ. ૩,૫૦,૦૦૦/- થી વધુ ના હોય તેવા વિદ્યાર્થીઓને જ આ